પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૮૯ | ૧૮ સપ્ટેમ્બર, ૨૦૧૭, સોમવાર ; ભાદરવા વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### હનીપ્રિત નેપાળ ભાગી ગઈ

જેલમાં ધકેલાયેલા વિવાદાસ્પદ બાબા રામ રહીમને મામલે તેમની સૌથી નજીકની ગણાતી હનીપ્રિતની શોધખોળ પોલીસ કરી રહી છે. તાજેતરમાં હરિયાણા પોલીસે ડેરામાં કામ કરતા એક શખ્સની પુછપરછમાં જણાવાયુ છે કે હનીપ્રિત થોડા દિવસ પહેલાં જ નેપાળ ભાગી ગઈ છે.

### સિંધુએ કોરીયા ઓપન સુપર સીરીઝ જીતી

કોરીયા ઓપન સુપર સીરીઝના ફાઈનલમાં વર્લ્ડ નંબર પાંચ પી.વી. સિંધુ અને વર્લ્ડ નંબર છ જાપાનની નોઝોમી આકુહારા ટકરાયા હતા. ભારે રસાકસી બાદ પી.વી. સિંધુએ આ સીરીઝ જીતી લીધી છે.

### ગોવાના કોંગ્રેસી નેતા સામે કેસ દાખલ

ગોવા વિધાનસભામાં વિપક્ષના નેતા ચંદ્રકાન્ત કાવલેકર સામે રાજ્ય પોલીસના ભ્રષ્ટાચાર નિરોધી બ્યુરો (એસીબી)એ આવક કરતાં વધુ સંપત્તિ મામલે કેસ નોંધ્યો છે.

### રેલવેમાં ઉંઘવાનો સમય એક કલાક ઘટાડાયો

ટ્રેનની મુસાફરી દરમ્યાન હવે યાત્રીઓ થોડુક ઓછુ સુઈ શકશે. ૧લી સપ્ટેમ્બરથી રેલવેએ નવા નિયમો બહાર પાડ્યા છે. તે અનુસાર ટ્રેનમાં હવે રાત્રે ૧૦ થી ૬ સુધી જ સુઈ શકાશે. અગાઉ રાત્રે ૯ થી ૬ સુધી રીઝર્વ સીટ પર સુવા મળતુ હતુ.

# સરદાર સરોવર ડેમ રાષ્ટ્રાર્પણ

**વડાપ્રધાન મોદીએ જન્મદિવસે ગુજરાતને આપી મોટી ભેંટ : લાખો ખેડુતોને ફાયદો : અનેક અડચણો વચ્ચે ૬૫ હજાર કરોડના ખર્ચે બનેલા આ બંધના નિર્માણમાં ૫૬ વર્ષ લાગ્યા : ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, તેમજ રાજસ્થાનને ફાયદો**

ડભોઈ, તા. ૧૭

જેની ઉત્સુકતાપૂર્વક ખેડૂત સમુદાય અને રાજ્યના લોકો રાહ જોઈ રહ્યા હતા તે મહાકાય નર્મદા નદી ઉપર બનાવવામાં આવેલા સરદાર સરોવર બંધને આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ૬૭માં જન્મદિવસે દેશને સમર્પિત કર્યું હતું. આની સાથે જ ગુજરાતની સાથે સાથે અનેક રાજ્યોના વિકાસના દ્વાર પણ ખુલી ગયા છે. દેશના સૌથી ઉંચા બંધના લોકાર્પણથી ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાનને સીધો ફાયદો થશે. સરદાર સરોવર બંધ દુનિયાના સૌથી મોટા બીજા બંધ તરીકે છે. ૬૫૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચ સાથે આનું નિર્માણ કરવામાં





આવ્યું છે. આ બંધના નિર્માણમાં ૫૬ વર્ષનો સમય અથવા તો આશરે ૬ દશક લાગી ગયા છે.

ગુજરાતના બે દિવસના પ્રવાસે પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૌથી પહેલા પૂજા અર્ચના કરી હતી. પૂજા અર્ચના કર્યા બાદ આ બંધને દેશને સમર્પિત કરવામાં આવ્યું હતું. પાંચમી એપ્રિલ ૧૯૬૧ના દિવસે દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ આ બંધ માટે આધારશીલા મુકી હતી. મોદીએ ગઈકાલે રાત્રે જ ટ્વિટ કરીને કહ્યું હતું કે, આ બંધથી લાખો ખેડૂતોને સીધો ફાયદો થશે. સામાન્ય લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરશે.

● અનુસંધાન પાન-૭ પર

# સરદારના સ્વપ્નને સાકાર કરવામાં ભારે સંઘર્ષ : મોદી

**સરદાર પટેલ-આંબેડકર થોડાક વધુ દિવસ જીવિત રહ્યા હોત તો બંધ ૭૦-૮૦ના દશકમાં તૈયાર થયું હોત :આદિવાસીના બલિદાનને ભુલી શકાય નહીં**

ડભોઈ, તા. ૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે નર્મદા મહોત્સવ સમાપન સમારોહના પ્રસંગે જોરદાર સંબોધન કર્યું હતું. આ પ્રસંગે સરદાર સરોવરબંધને એન્જિનિયરો માટે એક દાખલારુપ નમુના તરીકે ગણાવીને આને દેશ માટે એક મોટી ભેંટ ગણાવી હતી. મોદીએ કહ્યું હતું કે, અનેક મુશ્કેલીઓ સરદાર સરોવર ડેમ આડે આવી હતી. વિરોધીઓએ કોઈ કમી બાકી રાખી ન હતી. પરંતુ તમામ મુશ્કેલીઓમાં બહાર નિકળીને આખરે સરદાર સરોવર ડેમ તૈયાર કરવામાં સફળતા હાથ લાગી છે. મોદીએ કહ્યું હતું કે, વિશ્વકર્મા જયંતિના દિવસે આ બંધને દેશને સમર્પિત કરવાની બાબત ડેમના નિર્માણમાં લાગેલા લોકોને યાદ કરવાની બાબત પણ જોડાયેલી છે. તેમણે કહ્યું હતું કે, જો સરદાર વલ્લભભાઈ પટેલ અને ભીમરાવ આંબેડકર થોડાક વધુ સમય સુધી જીવિત રહી ગયા હોત તો આ બંધ ૭૦-૮૦ના દશકમાં પણ બનીને પરિપૂર્ણ થઈ ગયું હોત. સાથે સાથે આના લાભ પણ પડોશી તમામ રાજ્યોને ક્યારનાય મળી ગયા હોત. મોદીએ આ પ્રસંગે સ્વતંત્રતા આંદોલનમાં બલિદાન આપનાર આદિવાસીઓને પણ યાદ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, કેટલાક લોકોને લાગે છે કે, ખુબ ઓછા લોકોના કારણે દેશને સ્વતંત્રતા મળી ગઈ છે. ખુબ ઓછા લોકોએ જ બલિદાન આપ્યું છે પરંતુ આદિવાસીઓના બલિદાનને કોઈ લોકો ભુલી શકે નહીં. મોદીએ કહ્યું હતું કે, સ્વતંત્રતાના આદિવાસીઓ અને ભુલાવી દેવામાં આવેલા શુરવીર યોદ્ધાઓ યોગદાનને દર્શાવી

● અનુસંધાન પાન-૭ પર

# સરહદ પર પાકનો પુનઃ ગોળીબાર

**પાકિસ્તાનના ગોળીબારમાં એકનું મોત, પાંચ ઘાયલ : આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશરેખા ઉપર સમગ્ર રાત દરમિયાન ગોળીબાર : નજીકના ગામોમાં ફેલાયેલ દહેશત**

નવીદિલ્હી,તા. ૧૭

જમ્મુ કાશ્મીરના અરણિયા



સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદે અંકુશ રેખા પર પાકિસ્તાની સૈનિકો દ્વારા રાતભર ભીષણ ગોળીબાર કરવામાં આવ્યો હતો. જેના પરિણામ સ્વરુપે એક વ્યક્તિનું મોત થયું છે અને અન્ય પાંચ લોકો ઘાયલ થયા છે. શરૂઆતમાં ભારતીય સૈનિકોએ સાવધાની રાખી હતી પરંતુ ગોળીબાર જારી રહેતા ભારતીય જવાનોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. કલાકો સુધી ગોળીબારની રમઝટ જામી હતી. જમ્મુમાં ઘાયલ થયેલા છ લોકોને જમ્મુમાં સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જે પૈકી એકનું મોત થયું હતું. મૃત્યુ પામેલી વ્યક્તિની ઓળખ કરી લેવામાં આવી છે. બીએસએફના અધિકારીએ માહિતી આપાત કહ્યું છે કે, અડધી રાતથી લઈને આજે સવાર સુધી ગોળીબારની રમઝટ જામી હતી. બીએસએફના ૬-૮ બીપીઓના વિસ્તારમાં અરણિયા સેક્ટરમાં ગોળીબાર અને તોપમારો કરવામાં આવ્યો હતો. આજે વહેલી સવારે ૬.૪૫ સુધી ગોળીબારનો દોર ચાલ્યો હતો. છેલ્લા બે દિવસમાં અરણિયા સેક્ટરમાં પાકિસ્તાની દળો દ્વારા ત્રીજી વખત યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કરવામાં આવ્યો છે. છેલ્લા ચાર દિવસની અંદર આંતરરાષ્ટરીય સરહદ ઉપર પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામનો ભંગ કરીને અવિરત ગોળીબાર જારી રાખવામાં આવ્યો છે જેમાં એક બીએસએફ જવાન શહીદ થયા છે અને અન્ય કેટલાક લોકો ઘાયલ પણ થયા છે.

# આજે રાજકીય સન્માન સાથે અર્જન સિંહનો અંતિમસંસ્કાર

**તમામ સરકારી ઇમારતોમાં ધ્વજ અડધી કાઠીએ : અંતિમ સંસ્કાર સવારમાં ૧૦ વાગે**



નવીદિલ્હી,તા. ૧૭

ભારતીય હવાઈદળના માર્શલ અર્જન સિંહનું અંતિમસંસ્કાર રાજકીય સન્માન સાથે કરવામાં આવનાર છે. તેમના સન્માનમાં અહીં સોમવારના દિવસે તમામ સરકારી ઈમારતોમાં રાષ્ટ્રીય ધ્વજ અડધીકાઠીએ રહેશે. સિંહના અંતિમ સંસ્કાર આવતીકાલે સવારે ૧૦ વાગે અહીં બરાર સ્કેવરમાં કરવામાં આવશે. અર્જન સિંહનું ગઈકાલે સેનાના રિસર્ચ એન્ડ રેફરલ હોસ્પિટલમાં અવસાન થયું હતું. આજે રાષ્ટ્રપતિ કોવિંદ અને સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામને પણ તેમના અંતિમ દર્શન કર્યા હતા અને શ્રદ્ધાંજલિ આપી હતી. ગૃહમંત્રાલયના પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું હતું કે, તેમનું રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવશે. દિલ્હીમાં તમામ સરકારી ઈમારતોમાં અંતિમ સંસ્કારના દિવસે રાષ્ટ્રીય ધ્વજ અડધી કાઠીએ રહેશે. અર્જનસિંહ વર્ષ ૧૯૬૫માં ભારત પાકિસ્તાન યુદ્ધમાં મુખ્ય હિરો તરીકે હતા. તેઓએ એકમાત્ર હવાઈ દળના અધિકારી હતા જેમને ફાઈવસ્ટાર રેંક આપીને સન્માનિત કરાયા હતા. ૯૮ વર્ષની વયે ગઈકાલે તેમનું અવસાન થયું હતું.

# સપામાં હજુ યાદવાસ્થળી

**સમાજવાદી પાર્ટીમાં પાવર ટસલનો દોર યથાવત જારી : પક્ષના સ્થાપક મુલાયમસિંહ બંને બેઠકમાં હાજર રહેશે નહીં : મુલાયમ ૨૧મીએ લોહિયા ટ્રસ્ટની બેઠકમાં હાજર**

નવીદિલ્હી,તા. ૧૦

ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી દરમિયાન ભારે ખેંચતાણની સ્થિતિ રહ્યા બાદ સમાજવાદી પાર્ટીમાં પાવર ટસલનો દોર હજુ જારી રહ્યો છે. આ પાવરટસલના કારણે સમાજવાદી પાર્ટીએ ૨૦૧૭ની શરૂઆતમાં વિધાનસભાની ચૂંટણીમાં કારમી હારનો સામનો કર્યો હતો. હવે ફરી એકવાર સમાજવાદી પાર્ટીમાં ખેંચતાણ દેખાઈ રહી છે. આના સંકેત મળવા લાગી રહ્યા છે. એકબાજુ સમાજવાદી પાર્ટીએ ૨૩મી સપ્ટેમ્બરના દિવસે લખનૌમાં બેઠક બોલાવી છે. આવી રીતે પાંચમી ઓક્ટોબરે પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવ દ્વારા પણ એક બેઠક બોલાવી છે. સપાએ રાજ્ય કોન્ફરન્સ બોલાવી છે જયારે અખિલેશે નેશનલ કોન્ફરન્સનું આયોજન કર્યું છે. મળેલી માહિતી મુજબ પક્ષ પ્રમુખ અને સ્થાપક મુલાયમસિંહ યાદવ પ્રથમ વખત રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે બોલાવવામાં આવેલી પરિષદમાં ભાગ લઈ રહ્યા નથી પરંતુ બે દિવસ પહેલા જ મુલાયમસિંહ યાદવે ૨૧મી સપ્ટેમ્બરના દિવસે લોહિયા ટ્રસ્ટની એક મહત્વની બેઠક બોલાવી છે.

### વ્યાજદર યથાવત રહે તેવા સ્પષ્ટ એંધાણ


મુંબઈ, તા. ૧૭

રિઝર્વ બેંક દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮માં હવે વ્યાજદરમાં કોઈ ઘટાડો કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા નથી. કારણ કે, સીપીઆઈ અને ડબલ્યુપીઆઈ ફુગાવા બંનેમાં વધારો થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં રિઝર્વ બેંક દ્વારા પોલિસી રેટમાં કોઈ ઘટાડો કરવામાં આવનાર નથી. કોટક ઈન્સ્ટીટ્યુશનલ ઈક્વિટી રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, રિટેલ ફુગાવો ૪.૭ ટકાની તરફ આગળ વધી ગયો છે.




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

કાનની બહેરાશની અવગણના ન કરો
ઘણું મોડું થાય એ પહેલા એની સારવાર કરો.



હાલની લેટેસ્ટ ટેકનોલોજીનાં ડીજીટલ હીયરીંગ મશીન પર એક કાનનાં મશીન સાથે બીજા કાનનું મશીન ફ્રી*..ફ્રી*..ફ્રી*
કેમ્પ તા. ૧૬ થી ૨૧
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
મો. 76984 00039

નિષ્ણાંત ઓડિયોલોજીસ્ટ દ્વારા કાનની બહેરાશની ફ્રી તપાસ તેમજ વોટરપ્રુફ, વાયરલેસ અને તમારા મોબાઈલથી કનેકટ થઈ જાય તેવા વિશ્વના એડવાન્સ ટેકનોલોજીવાળા યુરોપની કંપનીના હિયરીંગ મશીન પર ફ્રી ટ્રાયલ અને ફ્રી કન્સલ્ટન્સી

સરકારી કર્મચારી અને પેન્સનર માટે સરકારની રૂા 50000/- ની રીએમ્બર્સ યોજનાનો લાભ અને માર્ગદર્શન અને સ્પેશ્યલ ઓફર

યુરોપથી ટ્રેઈન થયેલા ઓડિયોલોજીસ્ટની ટીમ દ્વારા તપાસ

ANGEL SPEECH & HEARING CLINIC
H.O : G-3, અભિષેક, પલોટ નં.19, ફોર્ચ્યુન હવેલી હોટલની પાસે, સુમન ટાવરની પાછળ સેક્ટર-11, ગાંધીનગર
F-38/39, મુલ્કીભવન માર્કેટ, બસ સ્ટેશન પાસે, રાજમહલ રોડ, મહેસાણા
B-17, શ્રીદેવ કોમ્પલેક્ષ, પોસ્ટ ઓફિસની સામે, સ્ટેશન રોડ, પાટણ
પહેલો માળ, ત્રિભોવન કોમ્પલેક્ષ, એસ.ટી.બસ સ્ટેન્ડની બાજુમાં, જુની આંખની હોસ્પિટલની સામે, વિસનગર
252/1 બીજા માળે, એસ.બી એમ્પીયર સી.એ પિયુષ કંપની ની પાછળ, ટી.બી.રોડ, વિજાપુર
એક્સ-રે, હાઉસ, હરીહર ઈ.એન.ટી. હોસ્પિટલની નીચે, પટેલ ભુવનની પાછળ, કડી
F-43, મહાવીર કોમ્પલેક્ષ, એસ.ટી.બસ સ્ટેશનની પાછળ, માણસા